ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજનાની સહાયમાં વધારો કરવાની રૂ.૦.૨૩ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/ASO/e-file/17/2024/2304/G**
સચિવાલય, ગાંધીનગર
તા:૦૭/૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: **SCW/10/2015/561857/G**

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૩/૦૯/૨૦૨૪નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧/૨૦૨૪/૩૪૧૪-૧૫

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૮/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક : અજાક/ગ-૧/૧/૨૦૨૪-૨૫/૧૧૩૮-૪૦

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના સંકલીત ઠરાવથી રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે માટે ધોરણ : ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં રાજ્યકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમાંકે આવનાર અનુસૂચિત જાતિના વિધાર્થીઓને ખાસ પ્રોત્સાહક ઈનામ આપવાની "છત્રપતિ શાહુજી મહારાજ ખાસ પ્રોત્સાહક ઇનામ' યોજના હેઠળ સહાય આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨માં રાજયકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમાંકે આવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઈનામ આપવાની યોજનાના સહાયના દરોમાં વધારો કરવાની રૂ.૦.૨૩ કરોડની નવી બાબતને અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપુર્વકની વિચારણાને અંતે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિધાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે માટે તેઓને પ્રોત્સાહન મળી રહે તે માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ધોરણ : ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં રાજયકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમાંકે આવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાસ પ્રોત્સાહક ઈનામ આપવાની યોજનામાં પ્રવર્તમાન સહાયના દરોમાં વધારો કરી નીચે જણાવ્યા મુજબ ઈનામની રકમ આપવાની વર્ષ : ૨૦૨૫-૨૬ ની રૂ.૦.૨૩ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (04:16 PM)

(૧) એસ.એસ.સી બોર્ડ તથા એચ.એસ.સી બોર્ડની પરીક્ષાઓમાં અનુસૂચિત જાતિના રાજ્ય કક્ષાએ પ્રથમ ૩ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક સહાય ઈનામનું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ક્રમ | વિદ્યાર્થીનો ક્રમ | ધોરણ-૧૦ ઈનામની રકમ | ધોરણ-૧૨ ઈનામની રકમ ચારેય પ્રવાહ માટે |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | રૂ.૫૧,૦૦૦/- | રૂ.૫૧,૦૦૦/- |
| ૨ | દ્રિતિય | રૂ.૪૧,૦૦૦/- | રૂ.૪૧,૦૦૦/- |
| ૩ | તૃતિય | રૂ.૩૧,૦૦૦/- | રૂ.૩૧,૦૦૦/- |

(૨) એસ.એસ.સી બોર્ડ તથા એચ.એસ.સી બોર્ડની પરીક્ષાઓમાં અનુસૂચિત જાતિના જિલ્લા કક્ષાએ પ્રથમ ૩ વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક સહાય ઈનામનું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ક્રમ | વિદ્યાર્થીનો ક્રમ | ધોરણ-૧૦ ઈનામની રકમ | ધોરણ-૧૨ ઈનામની રકમ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહ માટે |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | રૂ.૧૫,૦૦૦/- | રૂ.૧૫,૦૦૦/- |
| ૨ | દ્રિતિય | રૂ.૧૧,૦૦૦/- | રૂ.૧૧,૦૦૦/- |
| ૩ | તૃતિય | રૂ.૯,૦૦૦/- | રૂ.૯,૦૦૦/- |

(૩) એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી રાજયકક્ષા માટે સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ માટે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અલગ-અલગ ઇનામો આપવાના રહેશે.
(૪) ધોરણ-૧૦ના જિલ્લાકક્ષાએ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને તથા ધોરણ-૧૨માં જિલ્લાકક્ષાએ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ માટે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ અલગ અલગ ઇનામો આપવાના રહેશે.

શરતો:-

(૧) શૈક્ષણિક વર્ષના અંતે લેવાતી બોર્ડની પરીક્ષા (માર્ચ-એપ્રિલ) ના વિદ્યાર્થીઓને જ આ યોજનાનો લાભ મળશે. શૈક્ષણિક વર્ષના વચ્ચે (ઓકટોબર-નવેમ્બર) માં લેવાતી પરીક્ષા ઉત્તિર્ણ કરનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે નહીં.

(૨) ઇનામોની સંખ્યાની મર્યાદા નકકી કરતી વખતે એવા પણ કિસ્સા બનવાનો સંભવ રહેશે કે એક જ ક્રમ પર એક સરખા ગુણાંક વાળા એકથી વધુ વિદ્યાર્થીઓ આવી શકે, આ સંજોગોમાં આ નિયત કરેલ સંખ્યામર્યાદા (એસ.એસ.સી) કિસ્સામાં ત્રણ અને (એચ.એસ.સી.)ના કિસ્સામાં દરેક પ્રવાહમાં ત્રણ ક્રમાંક પર આવતાં હોય તે ક્રમાંક પર અટકી જવાનું રહેશે. અને તે ક્રમાંક પરના એક સરખા ગણાંકવાળા બધાજ લાભાર્થીઓને આવરી લઇને તેટલા પુરતા ઇનામોની સંખ્યામાં વધારો કરી શકાશે.

(૩) ઇનામની પ્રાપ્તતા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ તેઓને લાગુ પડતા હોય તે ધોરણ-૧૦ કે ધોરણ -૧૨ની પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ પ્રાપ્ત કરેલા હોવા જોઇશે.

(૪) રાજયકક્ષાએ એક થી ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને રાજયકક્ષાનું ઇનામ આપવાનું રહેશે. પરંતુ તેઓને જિલ્લાકક્ષાનું ઇનામ મળવાપાત્ર થશે નહીં. વિદ્યાર્થી એકજ ઇનામ લઇ શકશે.

(૫) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (04:16 PM)

(૬) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા રાખવાની રહેશે.

(૭) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૮) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૯) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે **DBT**પધ્ધતિથી/ **DBT Portal/C.M Dash Board** અપનાવવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) **Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૭) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૮) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિઓ, અન્ય પછાત વર્ગો કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર-૦૪ **(SCW-6) Scholarship & Incentives for Post- Metric Education (Coaching Fees, Awards, Food Bill, Thesis Schemes, Study Equipment's and Post Metric Scholarship) Scholarship & Incentives(BCK-29)** હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (04:16 PM)

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Apr-2025 (04:16 PM)

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સેક્શન અધિકારીશ્રી(કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ. , સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫